HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઇમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૭ અંક-૧ સળંગ અંક-૬૯ માહે-જમાદીઉલ આખર હિજરી-૧૪૪૪ જાન્યુઆરી-૨૦૨૩

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## મંઝીલ દૂર છે, હિમ્મત ભરપૂર છે..

રજૂઆતઃ રફીક છાટકાર, રાજકોટ

આપણાં સમાજનું મુખપત્ર આજે છ (૬) વર્ષ પૂર્ણ કરી સાતમા (૭) વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યું છે. આ વિતેલા છ વર્ષનું સરવૈયું માંડીએ તો આપની સમક્ષ સમાજલક્ષી વૈવિધ્યસભર લેખો આપના સુધી પહોંચાડવામાં આવ્યા છે. અનેક લેખો દ્વારા સમાજમાં જાગૃતિની લહેર ઊઠી રહી છે. સમાજ જાગૃત બની રહ્યો છે. સમાજના દૂષણો, કુરિવાજો પર અંકૂશ મુકવા અમારાથી યથાશક્તિ સાહિત્ય-વિચારો-વિમર્શો લેખો થકી અપના સુધી પહોંચાડયા છે. બુધ્ધિસભર લેખો, સમાજમાં શૈક્ષણિક જાગૃતિ લાવવા ભરપૂર કોશિષો કરવામાં આવી રહી છે. તેમાં 'ટાઇમ્સ ઓફ ખત્રી'એ ચાવીરૂપ ભૂમિકા ભજવી, આ કઠીન કાર્યમાં સિંહફાળો આપ્યો છે. સમાજ વિકાસના તમામ કાર્યોમાં ટાઇમ્સ ઓફ ખત્રી હંમેશા અગ્રેસર રહ્યું છે અને આપ સહુના સાથ-સહકારથી હજુ પણ રહેશે.

આજના મોબાઇલ યુગમાં કોઇપણ મુખપત્ર ચલાવવું કેટલું કઠીન હોય છે, તે વાતથી આપ સહુ વિદીત હશો જ. તેના પ્રિન્ટીંગ ખર્ચથી માંડીને તેના સંચાલન, વહિવટી કાર્યો, લેખોને પ્રાધાન્ય વિગેરે કાર્યો ખૂબ કઠીન હોય છે. વળી આ મુખપત્ર કોઇપણ નફા-નુકશાન વગર ફક્ત અને ફક્ત સમાજ વિકાસના કાર્યને જ વરેલું છે, ત્યારે તેને ચલાવવું 'ખાંડાના ખેલ' સમાન થઇ પડે છે. પરંતુ આપણાં સમાજના દિલેર સખીદાતાઓના સહકારથી આ કઠીન કાર્ય આજે સરળ થતું જાય છે.

આજના મોંઘવારીના સમયમાં ફોર કલર ન્યૂઝપેપર પ્રસિધ્ધ કરવું સહેલું નથી પરંતુ સમાજના હિતેચ્છુ મિત્રો તરફથી આ મુખપત્રમાં પોતાના ધંધાની જાહેરાત થકી આર્થિક યોગદાન આપી રહયા છે. સારા-માઠા પ્રસંગોએ સમાજના લોકોએ હરહંમેશ 'ટાઇમ્સ ઓફ ખત્રી'ને યાદ કરીને કંઇકને કંઇક આપ્યું જ છે. આ મુખપત્રને ટકાવી રાખવા કમર કસતા આવા આપણા સમાજના લોકોને સલામ છે. 'ટાઇમ્સ ઓફ ખત્રી'ને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ બનનાર તમામ લોકોનો સમાજ વતી આભાર માનીએ છીએ. તેઓ પાસેથી અમો ભવિષ્યમાં પણ આવો સાથ-સહકાર મળી રહેશે તેવી અમોને ઉમ્મીદ છે.

વિતેલા છ વર્ષમાં સૌથી નબળું પાસું હોય તો તે લવાજમ છે. લવાજમમાં જોઇએ તેટલો પ્રતિસાદ મળી રહયો નથી. અમારી આપને નમ્ર વિનંતી છે કે 'ટાઇમ્સ ઓફ ખત્રી'નું લવાજમ સમયસર પહોંચાડતા રહેશો તો જ આપણે આપણી મંઝીલ સુધી પહોંચી શકીશું. શકય છે કે, આપને મોબાઇલમાં વ્હોટ્સ એપ, ફેસબુક, ટવીટર જેવી આમાં મઝા ન પણ આવે, પરંતુ સમાજ ઉત્થાન માટે પ્રિન્ટ મિડીયા એક અભિન્ન અંગ છે તે માનવું જ રહ્યું. આપના તરફથી પાછલા વર્ષોમાં જે સહકાર સાંપડયો છે તે આવનારા વર્ષોમાં પણ મળી રહેશે અને આપણાં આ નબળા પાસાને આપણે સબળ બનાવી શકીશું. સમાજમાં કોઇપણ ઘર 'ટાઇમ્સ ઓફ ખત્રી' વગર ન રહેવું જોઇએ અને કોઇપણ ઘર લવાજમ આપ્યા વગર રહેવું ન જોઇએ, એવી અમારી દિલી ખ્વાહિશ છે.

અન્ય એક ધ્યાનાકર્ષક બાબત એ રહી છે કે, સમાજના લેખકો લખવામાં આગળ આવતા નથી. આપ સારૂં લખી શકો છો, જે લખાણથી સમાજને ફાયદો થાય તેમ છે, તો પછી કલમ ઉપાડવામાં સંકોચ શું કામ? આપ આપના વિચારો સમાજ સમક્ષ મૂકશો તો જ આપણું આ કાર્ય પરિર્પૂર્ણ થશે. આપણાં સમાજમાં ઘણાં બધા પ્રતિભાસંપન્ન લેખકો છે, તેઓએ હવે જાગૃત થવું જ પડશે. આપ સહુને વિનંતી છે કે વધુમાં વધુ સંખ્યામાં સમાજોપયોગી લેખો અમોને મોકલો. સમાજ માટે સમાજના લોકો જે લખી શકશે, વિચારો આપી શકશે, તે અન્ય સમાજના લોકો પાસેથી અપેક્ષિત ન રાખી શકાય. કારણ કે અન્ય લેખકો આપણાં સમાજને નજીકથી જાણી શકતા નથી. આમ પણ સમાજ ઉત્થાન માટે સમાજના જ ઘડવૈયાઓની જરૂર પડે છે. એટલે આપને સહુને આ એક ભારપૂર્વક અપીલ છે કે આપ આપના વિચારો, લેખો, સુચનો વિગેરે મોકલો, પ્રસિધ્ધ કરો, જેથી સમાજ તેનો લાભ લઇ શકે.

ફરી એક વાર આપ સહુના સાથ-સહકાર બદલ આભાર. આવનારા વર્ષોમાં આપના સાથ-સહકારથી સમાજને ઉન્નતીના શિખરે લઇ જવા સહિયારી કોશિષ ચાલુ રાખશું.

+91 9820223138

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

Asif Khatri
Managing Director

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# શૈક્ષણિક ઈનામી મેળાવડો

**અહેવાલઃ સાગર વલોરા, મોરબી**

ગત્ તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ સૌરાષ્ટ્રની શાન અને ચિત્રનગરી રાજકોટ ખાતે પેડક રોડ ઉપર આવેલ અટલ બિહારી બાજપાઇ ઓડિટોરીયમમાં હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન અને હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ભવ્ય શૈક્ષણિક ઇનામી મેળાવડાનો જાજરમાન કાર્યક્રમ સંપન્ન થયો.

ભારતભરમાં અલગ-અલગ રાજ્યોમાં વસ્તા ખત્રી બિરાદરોના ધો. ૮ કે તેથી ઉપર અભ્યાસ કરતાં બાળકોને સામુહિક ધોરણે એક મંચ પર લાવી પ્રોત્સાહિત અને સન્માનીત



કરવાના ઉમદા આશય સાથે આપણાં સમાજની ઐતિહાસિક અને જાજરમાન એવી ત્રણ સંસ્થાઓ હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન-રાજકોટ, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન-પોરબંદર અને હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ-રાજકોટ, એક નેજા હેઠળ આવી સંયુકત રીતે ભવ્ય ઇનામી મેળવાડાનું આયોજન કરેલ હતું.

શૈક્ષણિક ઇનામી મેળાવડાના કાર્યક્રમને સફળતાના શિખર સુધી પહોંચાડવા ત્રણેય સંસ્થાઓ માંથી આગેવાનોનું એક નાનું જૂથ બનાવી ઇનામી મેળાવડાની એક કમિટી બનાવવામાં આવેલ. જેમાંથી જનાબ રફીક સાહેબ મચ્છર અને હુઝેફ સાહેબ ડોર-પોરબંદર દ્વારા વિદ્યાર્થીઓના ગુણપત્રકો મેળવી નિયત કરેલ ધારા-ધોરણ મુજબ જીણવટભરી કામગીરી હાથ ધરી એકાદ માસના અંતે એક આખરી યાદી બનાવવામાં આવી. જેમાં કુલ ૨૪૧ વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવેલ. આ કાર્યને સરળ બનાવવા માટે બન્ને સાહેબોને સ્થાનિક જમાઅતના આગેવાનો તથા અંજુમનના આગેવાનોનો ભરપૂર સાથ મળેલ.

ત્યારબાદ બનેલ ઇનામી મેળાવડા કમિટીમાંના આગેવાનો જનાબ મુસ્તાકભાઇ ગિરાચ-જેતપુર, જનાબ શફીભાઇ કારાતેલા-પોરબંદર, જનાબ અમીનભાઇ ગિરાચ-પોરબંદર તથા જનાબ ઇમરાનભાઇ જગોત-ગોંડલ પોતાનો વ્યસ્ત અને કિંમતી સમય સમાજના બાળકોને પ્રોત્સાહિત કરવાના આશયથી ફાળવેલ અને અમદાવાદ ખાતે જઇ ઇનામોની પસંદગી કરેલ.

કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે સ્થાનિક રાજકોટ જમાઅતના પ્રમુખ જનાબ હારૂનભાઇ છનછરાની આગેવાની હેઠળ કારોબારી કમિટી સહિત અન્ય ૨૦ જેટલા વોલેન્ટીયર્સની ટીમે ખડે પગે હોંશભેર કામગીરી પૂરી કરેલ.

અંતે તા. ૨૫-૧-૨૦૨૨ના જાજરમાન અને સૌપ્રથમ વખત ભાતરભરના વિદ્યાર્થીઓ માટેના યોજાયેલ ભવ્યાતિભવ્ય કાર્યક્રમના પ્રારંભની ઘડીઓ ગણાવા લાગી અને વહેલી સવારે સ્થાનિક જમાઅતના આગેવાનો સાથે વોલેન્ટીયર્સની ફોજ કાર્યક્રમ સ્થળે હાજર થઇ હતી અને પોત પોતાને સોંપેલ ફરજ પરના સ્થળની જવાબદારી સ્વીકારી લીધેલ. સૌ પ્રથમ આવનાર મહેમાનોને આવકારી ઓડિટોરીયમની બાજુમાં આવેલ પંડિત દિનદયાળ ઉપાધ્યાય કોમ્યુનિટી હોલ ખાતે પૌવા-બટેટા અને ચ્હાનો નાસ્તો કરાવવામાં આવેલ.

ગુલાબી ઠંડી અને આહ્લાદક વાતાવરણમાં આ ભવ્ય



કાર્યક્રમ તેના નિર્ધારિત સમયથી થોડો મોડો ૧૦:૪૦ ની આસપાસ શરૂ કરવામાં આવેલ. ત્રણેય સંસ્થાઓના ઉપસ્થિત

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

પ્રમુખ સાહેબો, કારોબારી સભ્યો, શિક્ષણવિદ્ અને વિદેશથી પધારેલ મહેમાનોને મંચ પર આમંત્રણ આપવામાં આવેલ. સંસ્થાના પ્રમુખ સાહેબો જનાબ ડૉ. અ.ગફાર ધડા, નઝીરએહમદ કારાતેલા ત્યારબાદ કારોબારી સભ્યો મુસ્તાકભાઇ ગિરાચ, રફીકભાઇ છાટબાર, આશિફ છાટબાર, અખ્તરભાઇ ગિરાચ, સાગર વલોરા, સમીર ઘુમરા, અબુભાઇ ગિરાચ, મુસાભાઇ ગિરાચ, મો.સલીમભાઇ ઘુમરા, મુનાફભાઇ ગિરાચ, મો.હુસેન ધડા, રફીકભાઇ મરછર, ઇમરાનભાઇ જગોત, મો.શફીભાઇ કારાતેલા, મો.અમીનભાઇ ગિરાચ, રફીકભાઇ વિજળીવાઢાને મંચ પર આમંત્રણ આપવામાં આવેલ.




ઉપરાંત બહોળો શૈક્ષણિક અનુભવ ધરાવતા સમાજના શિક્ષણવિદ્ તરીકે જનાબ એમ. એ. વલોરા સાહેબ તથા જનાબ હુઝેફ ડોર સાહેબને મંચ પર આમંત્રિત કરવામાં આવેલ. સાથે મલાવીથી કાર્યક્રમને ચાર ચાંદ લગાવવા પધારેલ જનાબ ઇદ્રીસ કે. લીચા સાહેબને પણ મંચ પર આમંત્રિત કરવામાં આવેલ.



જનાબ હાજી સરફરાઝ છાટબાર દ્વારા કુરાને પાકની તિલાવત અને જનાબ અખ્તરભાઇ ગિરાચ દ્વારા નાત શરીફ સાથે કાર્યક્રમનો આગાઝ કરી કાર્યક્રમને ભવ્યતા બક્ષવામાં આવેલ.



સ્થાનિક રાજકોટ જમાઅતના પ્રમુખ સાહેબ જનાબ હારૂનભાઇ છનછરા દ્વારા ઉપસ્થિત સંસ્થાઓના પ્રમુખો તથા ઉપપ્રમુખોને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરેલ. તેમજ રાજકોટ જમાઅતના આગેવાનો આશિફભાઇ કારાતેલા, સીરાજભાઇ વલોરા, ફારૂકભાઇ ધડા અને સમીરભાઇ ઘુમરા દ્વારા ત્રણેય સંસ્થાઓના તમામ સભ્યોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ.

બાળકો અને વાલીઓને શિક્ષણ, તેના મહત્વ અને શિક્ષણમાં ઉત્તમ પરિણામ મેળવવા માટે વર્તમાન પરિસ્થિતિઓની માહિતી મળી રહે તે હેતુ અર્થે મંચ પર બિરાજમાન વકતાઓએ પોતાના અનુભવોનો નિચોડ રજૂ કરેલ.

જેમાં સૌ પ્રથમ જનાબ શફીભાઇ કારાતેલા એ પોતાની આગવી અને જાણીતી શૈલીમાં શિક્ષણ મેળવવા સમાજમાંના વાલીઓને જાગૃત થવા હાકલ કરેલ. વાલીઓ જે વ્યવસાયો કરે છે તેનાથી ઉપર ઉઠી પોતાના બાળકોને વધુ સારી જગ્યા પર પહોંચાડવા ઉજળો વ્યવસાય અપનાવી પ્રગતિ કરે તે માટેનો એક માત્ર વિકલ્પ ઉચ્ચ શિક્ષણ હોવાનું જણાવી ગરીબીને લીધે શિક્ષણથી વંચિત રહયાના બહાના ત્યજી મકકમ બની વાલીઓએ પોતાના બાળકોને અભ્યાસ કરાવવા પ્રયત્નો કરવા જણાવેલ. સમાજના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે જો આર્થિક સંકડામણ જણાય તો તે માટે સમાજના આર્થિક સક્ષમ સમાજસેવીઓ તેમજ સમાજની અંજુમન-પોરબંદર અને ટ્રસ્ટ-રાજકોટના નામે જાણીતી બે સંસ્થાઓ હરહંમેશ મદદ માટે તૈયાર હોવાનું જણાવેલ.

ત્યારબાદ પોરબંદર જમાઅત અને અંજુમનના પ્રમુખ જનાબ નઝીરએહમદ કારાતેલાએ વર્તમાન સમયમાં દુન્યવી ઇલ્મ સાથે દિની ઇલ્મની અહેમિયત જણાવેલ. દિની ઇલ્મને લીધે બાળકમાં સંસ્કાર, વર્તન, મર્યાદા અને વડિલોના સન્માનના ગુણોનું સિંચન થવાનું જણાવેલ અને સમાજિક પ્રગતિનો એક માર્ગ મોકળો બનાવવાનું જણાવેલ. દિની ઇલ્મ ગ્રહણ


Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

AHMEDRAZA JAMIL MANDHU
0555983786
04-3593987
applestarcomp
applestarcomp@hotmail.com
www.applestarcomp.com
M.AKIB JAMIL MANDHU
+971588494679
ابل ستار كمبيوتر
APPLESTAR COMPUTER L.L.C.
We are dealing with...
LAPTOP & TABLET REPAIRING
TONER & CARTRIDGE REFILL
C.C.T.V. CAMERA & NETWORKING,
USED & NEW LAPTOPS/TABLETS
ALL SPARE PARTS
AL RAFA ROAD, KHALEED BIN WALID STREET, BUR DUBAI UAE, P.O. BOX: 242886

કરનારની દુનિયા અને આખેરત સુધરી જવાની વાત જણાવેલ.

ફેડરેશનના પ્રમુખ અને ઓર્થોપેડિક સર્જન ડૉ. અ.ગફાર ધડા સાહેબે પોતાના વકતવ્યમાં ઉચ્ચ અભ્યાસ અર્થે સમાજના કોઈપણ બાળકને જોઈતી કોઈપણ મદદ માટે કટિબધ્ધતા દર્શાવેલ. સાથે સાથે આર્થિક ભંડોળ એકત્રિત કરી ત્રણેય સંસ્થાઓને આર્થિક મજબૂત આપી સમાજમાં રહેલા આર્થિક રીતે નબળા પરિવારના અભ્યાસ કરતાં બાળકોને ટેકો આપવા પ્રયત્નો કરવાની તૈયારી બતાવેલ.



ત્યારબાદ શિક્ષણવિદ્ માંથી શિક્ષણ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવનાર એવા જનાબ એમ. એ. વલોરા સાહેબ દ્વારા વર્તમાન શિક્ષણમાં શાળાઓ અને શિક્ષકોનું બાળકોની પ્રગતિમાં મહત્વ સમજાવેલ. બાળકે માતા-પિતા, કુટુંબ અને સમાજની જરૂરિયાત કે અપેક્ષા અને પરિસ્થિતિને ધ્યાને લઈ શિક્ષણ મેળવી પ્રગતિ કરવા જણાવેલ. ત્યારબાદ સમાજના અન્ય અનુભવી અને શિક્ષણને આત્મસાત કરનાર જનાબ રફીક







મચ્છર સાહેબે વર્તમાન શિક્ષણ પ્રણાલીની ઝાંખી કરાવેલ. બાળકોને વધુમાં વધુ ગુણભાર મેળવવા અથાગ મહેનત કરવા પ્રેરણા પુરી પાડેલ. ભવિષ્ય ઉજળુ બનાવવા શિક્ષણ સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોવાનું જણાવેલ. જયારે સમાજના યુવા શિક્ષણવિદ્ એવા જનાબ હુઝેફ ડોર સાહેબે પ્રેરપાત્મક પ્રસંગો ટાંકી રાત-દિવત જોયા વિના અભ્યાસને વળગી રહેવા અને અભ્યાસમાં અડચણરૂપ પ્રસંગો, કાર્યો કે સોશિયલ મિડીયાના ઉપયોગથી દૂર રહી અથાગ મહેનત દ્વારા ધારેલ લક્ષ્ય સાધી શકાતું હોવાનું ભારપૂર્વક જણાવેલ.

ત્યારબાદ આપણાં સમાજના મુરબ્બી શાયર અને શીઘ્ર કવિ એવા જનાબ શફીભાઈ ધડા 'જીદ્દી' સાહેબે પ્રસંગને અનુરૂપ કાવ્ય રજૂ કરેલ. જેમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા અને સમાજની ભાવિ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આશીફભાઈ છાટકારે પોતાના પ્રાસંગિક વકતવ્યમાં હઝરત સુલેમાન અલૈહિસ્સલામનો કિસ્સો કહી, દૌલત અને શોહરતની પાછળ ભાગવાને બદલે ઈલ્મને મહત્તા આપવાનું સમજાવેલ. ઉપરાંત તેમણે કુદરતના આપણાં પર અનેક અહેસાન હોવા છતાં પણ આપણે કંઈ કરી શકતા ન હોવાની ફિલોસોફી જણાવતી એક સરસ મજાની નઝમ સંભળાવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સમાજના એક માત્ર મોટીવેશનલ સ્પીકર જનાબ યુસુફભાઈ ગિરાચ અને મંચ સંચાલનમાં પાવરધા એવા જનાબ મો.હુસેન ધડા એ સાથે મળીને બખૂબી નિભાવેલ. મંચ સંચાલકો દ્વારા સમયાંતરે વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રેરણાત્મક પ્રસંગો દ્વારા ઉત્સાહિત કરવામાં આવેલ હતા.

દરમ્યાન કોન્ફેડરેશનના પ્રમુખ જનાબ અમીન શેઠ, કરાંચી તથા સમાજના હિતેચ્છુ અને સમાજના દરેક કાર્યોમાં પોતાના તરફથી સૂચનો અને આર્થિક મદદ પહોંચાડતા દુબઈ સ્થિત જનાબ અ.રઝાક રાજાવાઢા સાહેબના શુભેચ્છા સંદેશાનું વાંચન કરવામાં આવેલ હતું.

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઈ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ મંચ પરથી ભોજન માટેની જાહેરાત કરવામાં આવેલ. તમામ ખત્રી ભાઈઓ-બહેનો-બાળકો ઓડિટોરીયમની બાજુમાં જ આવેલા દિનદયાળ કોમ્યુનિટી હોલમાં પહોંચી ભોજનનો આસ્વાદ માણતા જોવા મળ્યા.

બપોરના ભોજન બાદ આશરે ૩:૩૦ કલાકે કાર્યક્રમને ફરી શરૂ કરવામાં આવેલ. વિદ્યાર્થીઓ માટે આપન ફોરમ રાખવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ પોતાના વિચારો, રજૂઆતો, સમાજ પાસેની અપેક્ષાઓ અને અનુભવો રજૂ કર્યા હતા. સમાજના છ વિદ્યાર્થીઓમાંથી પાંચ વિદ્યાર્થીનીઓએ પોતાના વિચારો મુકત મને રજૂ કર્યા. જયારે સામે વિદ્યાર્થી તરીકે એકમાત્ર સંખ્યા જોવા મળતાં સમાજમાં શિક્ષણ ક્ષેત્રે મહિલા



જાગૃતિએ સૌનું ધ્યાન ખેંચ્યુ હતું. દિકરીઓની પ્રગતિ સ્પષ્ટ જોવા મળી હતી.

૨૪૧ની સંખ્યામાંથી હાજર રહેલા ધો. ૮ થી પોસ્ટ ગ્રેજ્યુએશન કરતાં કે પૂર્ણ કરેલ સમાજના હોનહાર તારલાઓને વિવિધ આગેવાનોના હસ્તે મંચ પર બહુમાન સાથે ઈનામો આપી બિરદાવવામાં આવેલ. જયારે ઓડિટોરીયમમાં હાજર છસ્સો જેટલા મહેમાનાનોએ આ બધા તારલાઓને સદાય ચમકતા રહે તેવી દિલી દુઆઓ સાથે તાળીઓના ગડગડાટ સાથે પોત્સાહિત કરેલ.

સૌરાષ્ટ્ર ખાતે ખત્રી સમાજની પ્રથમ ગાયનેક ડૉક્ટર શૈલા અલ્તાફભાઈ (એમ.ડી.)-કોડીનારનું ફેડરેશનના પ્રમુખ ડૉ.અ.ગફાર ધડા સાહેબ દ્વારા એક નાની એવી ભેટ ડૉ. શૈલાના વાલીદ સાહેબને અર્પણ કરી ડૉ. શૈલાને બિરદાવવામાં આવેલ.

આ તકે રાજકોટ જમાઅતના વોલેન્ટીયર્સના કામની પ્રસંશા કરી તેમનો સમાજના કાર્યોમાં હરહંમેશ ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી ત્રણેય સંસ્થાઓ દ્વારા નાની એવી ભેટ મંચ પર તાળીઓના ગળગળાટ વચ્ચે આપવામાં આવેલ.



આ ઉપરાંત આ સમગ્ર કાર્યક્રમને પોતાના અંઝામ સુધી પહોંચતો કરવા સ્થાનિક કક્ષાએ ત્રણેય સંસ્થાઓના આગેવાનો અને વડિલોના માર્ગદર્શન બાદ જનાબ રફીક છાટબાર, આશીફ છાટબાર, સમીર ઘુમરા અને સાગર વલોરાએ જહેમત ઉઠાવેલ તે બદલ ચારેય સમાજના અદના કાર્યકર્તાઓને મંચ પર બોલાવી તાલીઓ વચ્ચે સન્માન કરવામાં આવેલ.

તદ્ઉપરાંત હરહંમેશ સમાજના નાના-મોટા કાર્યક્રમમાં મંચ સંચાલક તરીકે નિઃસ્વાર્થપણે પોતાનો કિંમતી સમય ફાળવી સદાય હાજર રહેતા જનાબ યુસુફભાઈ ગિરાચ અને જનાબ મો.હુસેન ધડાને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા.

ભવ્ય આગાઝ સાથે આરંભાયેલ કાર્યક્રમને અંઝામ સુધી પહોંચાડયા બાદ જનાબ શફીભાઈ કારાતેલા દ્વારા આભારવિધીને અનુરૂપ પ્રવચન આપવામાં આવેલ. જેમાં તેમણે હાજર રહેલા તમામ મહેમાનો, દેશના વિવિધ ભાગોમાંથી આવેલ વિદ્યાર્થીઓ, મંચસ્થ આગેવાનો, મહેમાનો, કાર્યકરો અને વોલેન્ટીયર્સનો આભાર માન્યો હતો.

જનાબ આસીફ છાટબાર દ્વારા ખત્રી ટ્રસ્ટના પ્રમુખ ડૉ. અઝીઝ ખત્રી પોતાના પત્નિની તબિયત નાદુરસ્ત હોવાથી હાજર રહેલ ન હોવાથી ખેદ વ્યકત કરી તેમના પત્નિની શિફા અર્થે દુઆ માગી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.




NRP
NEW RAJ PLASTIC
Rajakbhai
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# ઈસ્લામનો સુવર્ણ કાળ: ૧૦૦ મુસ્લિમ વૈજ્ઞાનિકો

ફિરોઝખાન, ટોરંટો, કેનેડા

(ક્રમાનુસાર ચાલુ...)

## અમીર ખુસરો (૧૨૫૩-૧૩૨૫)

અમીર ખુસરો એક શાયર તો હતા જ પરંતુ તેઓ બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનાર પણ હતા. સંગીત અને શાયરી સાથે એમનું નામ જોડાયેલું છે. તેઓ હિન્દી, હિન્દવી (ખડી બોલી) અને ફારસી ભાષાના શાયર હતા. તેમણે હિન્દવીમાં લખેલા દોહા આજે પણ લોકોમાં ખૂબ પ્રચલિત છે. ખાસ કરી હિન્દીભાષી પ્રદેશમાં તેમણે અનેક ભારતીય વાદ્યો અને રાગ, રાગિણીઓનો આવિષ્કાર કરેલો. ભારતિય વાદ્ય સિતાર એમનો આવિષ્કાર ગણાય છે. સિતાર પૂર્વ ભારતમાં વીણાનું ચલણ વધારે હતું. ખુસરોએ એ જ વીણામાંથી ફક્ત ત્રણ તારવાળી સિતારનું સર્જન કર્યું. ફારસી ભાષામાં ત્રણ તારને 'સિતાર' કહેવાય. આસિવાય ખુસરોએ તબલાનું સર્જન પણ કરેલું એમ કહેવાય છે. એમણે અનેક નવા રાગો જેમ કે ઘોરઅને સનમ પણ સર્જેલા.

અમુસર ખુસરોનું અસલ નામ આબુલહસન યામીનુદ્દીન અમીર ખુસરો હતું. તેઓ ચોવીસમી સદીમાં દિલ્હીની નજીકના રહેવાવાળા હતા. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવનારા હતા. શાયર, ગાયક, સંગીતકાર હતા. તેમનો પરિવાર પીઢીઓથી દરબારી હતો. એટલે કે રાજા-મહારાજાઓના દરબારમાં એમનું સ્થાન રહેતું. અમીર ખુસરોએ પોતે આઠ સુલતાનો (બાદશાહો) જોયા હતા. તેઓ પહેલા મુસ્લિમ શાયર હતા, જેમણે પોતાની શાયરીમાં ઉર્દૂની સાથેજ હિન્દી અથવા હિન્દવી ભાષાનો પ્રયોગ કર્યો અને એમાં તેઓ ખૂબ સફળ રહયા.

ઉત્તર ભારત અને હિન્દી પ્રદેશોમાં હિન્દી જે રીતે બોલાય છે એના જનક તેઓ હતા. એમણે કવિતા અનેક પ્રકારોમાં લખી છે. દોહા, પહેલીઓ વિગેરેમાં તેમણે વિપુલ પ્રમાણમાં હિન્દવીનો ઉપયોગ કરેલો. તેઓ ફારસી ભાષામાં પણ શાયરી કરતા. એમને એમના સમયના સુલતાનોનો ખૂબ સાથ અને સહકાર મળેલા. આ સુલતાનો એમને આર્થિક રીતે પણ ખૂબ મદદ કરતા. એમણે રચેલા ગ્રંથોનું બહુ લાંબુ છે. અમુક લોકો તો એમને 'હિન્દ કા તોતા' એટલે કે ભારતનો પોપટ પણ કહે છે.

મધ્ય એશિયાની લાંચીન જાતિના તુર્ક સૈફુદ્દીનને ત્યાં ઉત્તરપ્રદેશના ઇટામાં ઈસ્વીસન ૧૨૫૩માં તેમનો જન્મ થયેલો. કહેવાય છે કે લાંચન જાતિના તૂર્ક ક્રુર ચંગીઝ ખાનના ત્રાસથી ત્રાસી થઇ શરણાર્થી રૂપે ભારત આવેલા. તેમની માતા અલબત્ત ભારતીય હતી. ખુસરો જયારે ફક્ત સાત વર્ષના હતા ત્યારે જ એમણે પિતાને ગુમાવી દીધેલા. બહુ જ નાની વયમાં તેમણે શાયરી લખવાની શરૂ કરી દીધેલી. ૨૦ વર્ષના થયા ત્યાં સુધીમાં તો એક સંપૂર્ણ શાયર બની ગયા હતા. તેઓ ખૂબ બુધ્ધિશાળી હતા અને પોતાની સામાજિક જવાબદારીઓ બખૂબી નિભાવતા. હંમેશ રાજદરબારમાં રહેતા હોવા છતાં તેઓ કવિ, સંગીતકાર, કલાકાર અને એક સૈનિક બની રહેલા. તેમણે ભારતીય અને ઈરાની રાગોના મિશ્રણ દ્વારા અનેક નવા રાગોની રચના કરેલી. કવ્વાલીના સર્જક તેઓ હતા. ફારસી ભાષામાં અરબીના અનેક શબ્દો ભેળવીને તેમણે અનેક ગીતો લખ્યા છે. તેમણે ૨૦ હજાર શેરોવાળી એક મસ્નવી લખેલી. મૌલાના રૂમી દ્વારા રચિત મસ્નવી બાદ ખુસરો રચિત મસ્નવી ખૂબ પોપ્યુલર છે.

આમ તો તેઓ એક સૈનિક માત્ર હતા પરંતુ અનેક સુલતાનોના સલાહકાર પણ હતા. રાજય કેમ ચલાવવું એની શિક્ષા અને સલાહ તેમણે અનેક સુલતાનોને આપેલી અને એટલે જ તેઓ રાજદરબારમાં સહુના માનીતા હતા.

ચાલો, અમીર ખુસરોની અમુક રચનાઓનો રસાસ્વાદ લઈએ..

गोरी सोये सेज पर, मुख पर डाले केश
चल खुसरू घर अपने, रैन भई चहूँ देश

सेज वो सूनी देख के रोवुँ मैं दिन रैन
पिया पिया मैं करत हूँ पहरों, पल भर सुख ना चैन।

खुसरो बाजी प्रेम की मैं खेलूँ पी के संग
जीत गयी तो पिया मोरे हारी पी के संग।

सुखरो ऐसी पीत कर जैसे हिन्दु जोय,
पूत पराए कारने जल जल कोयला होय।

नदी किनारे मैं खडी सो पानी झिलमिल होय,
पी गोरी मैं साँवरी अब किस विध मिलना होय।

★

अपनी छाप बनाइके
जो मैं पी के पास गयी
अपनी छाप बनाइके
जो मैं पी के पास गयी
जब छाप देख पिउ की
सो मैं अपनी भूल गयी

★

हो छाप तिलक सब छीनी मोह से
नैना मिलाइके
हो छाप तिलक सब छीनी मोह से
नैना मिलाइके
हो छाप तिलक सब छीनी रे
मोह से नैना नैना मिलाइके
नैना मिलाइके नैना मिलाइके
नैना मिलाइके
छाप तिलक सब छीनी रे
मोह से नैना नैना मिलाइके
नैना मिलाइके नैना मिलाइके
छाप तिलक सब छीनी रे

Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# જિંદગીને સોનેરી બનાવીએ..

ચમકારો

ડૉ. ગની પટેલ

જિંદગી જીવવા અને સારૂં જીવવામાં બહુ ફર્ક છે. મોત આપણાં હાથની વાત નથી અને મોત ક્યારે આવશે એ વાતથી આપણે બધાં અજાણ છીએ પણ જિંદગી સારી રીતે જીવવા માટે જીવનને એક પ્રકારના સુવ્યવસ્થિત આયોજનની જરૂર હોય છે. આયોજન વગર જીવન ઉપરાંત બધી વસ્તુ નિષ્ફળ સાબિત થાય છે. આપણું શરીર જન્મથી મરણ સુધી અવિરત કાર્ય કરતું રહે છે. માટે તેને જરૂરી દરેક વસ્તુ યોગ્ય માત્રામાં આપવી પડે છે. તેને જરૂરી વ્યાયામ અને જરૂરી આરામની પણ જરૂર છે, તો શરીરને યોગ્ય આહાર અને પાણીની પણ જરૂર છે, તો સાથો સાથ ખોરાકની આડમાં નખાતા કચરાથી પણ તેને બચાવવાની જરૂર છે. જિંદગી ખૂબ સુંદર છે અને તેની સુંદરતા જાળવી રાખવા માટે આપણે ઘણું આયોજન કરવું પડે છે. આ આયોજન લાંબુ જીવવા માટે નહીં પરંતુ જેટલું જીવાય તે સારી રીતે જીવાય તે માટેનું હોય છે. ઉદાહરણ રૂપે કોઇ એન્જીન પેટ્રોલથી ચાલતું હોય તો તેમાં ડિઝલ નાંખીએ તો એન્જીન કાર કરતું બંધ થઇ જાય. બસ, આવી જ રીતે શરીર પાણીથી ચાલતું હોય તો તેમાં દારૂ/આલ્કોહોલ નાખવાથી તે કાર્ય કરતું બંધ થઇ જાય, તે સ્વાભાવિક છે. માટે જીવન તંદુરસ્ત જીવવા માટે થોડું ધ્યાન આપવું જરૂરી જણાય છે. ચાલો..જોઇએ થોડી બાબાતો.

- જન્મથી જ જીવનને સારી વસ્તુની ટેવ પાડવી.
- રાત્રે સમયસર એટલે કે સાડા દસ વાગ્યે ઉંઘી જવાની ટેવ પાડવી. સવારે મોડામાં મોડું છ વાગ્યે ઉઠી જવાની ટેવ પાડવી. સાંજે સુતા પહેલા અને સવારે ઉઠીને તરત શરીરને અનુકૂળ હળવી કસરત કરવી.
- દરરોજ ન્હાવાની અને કપડાં બદલવાની ટેવ રાખવી.
- જમતા પહેલાં હાથ ધોવા, હાથ ધોઇને લૂછવા નહિ, જેથી સુક્ષ્મ જીવથી બચી શકાય.
- સવારનો નાસ્તો ભૂખને અનુકુળ પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક ખોરાકથી જયારે બપોરે ભોજન સમયસર-સપ્રમાણ કરવું.
- બને ત્યાં સુધી બપોરે ઉંઘવાની ટેવ પાડવી નહિ. આમ છતાં ઉંઘવું જ હોય તો ૧૫ મિનિટથી વધારે વામકુક્ષી કરવી નહિ. સાંજનું ભોજન/વાળુ એકદમ હલકા ખોરાકથી કરવું અને જરૂરિયાત કરતાં અડધું જ ખાવું. જેથી જલ્દી પાચન થાય અને અપચો રહે નહિ. ખોરાકમાં હંમેશા ફાયબર/રેસાવાળો ખોરાક વધુ પસંદ કરવો.
- તીખું, તળેલું, વધુ તેલવાળું કે મેંદાયુકત વસ્તુ બને ત્યાં સુધી ઓછી ખાવી. મિલ્ક બેઇઝ સ્વીટ/દૂધની મીઠાઇ બને ત્યાં સુધી ખાવામાં લેવી નહિ.
- ખાવામાં નમક/મીઠાનો ઉપયોગ ઘટાડવો. કાચું મીઠુ ખાવાનું ટાળો. બને તો સિંધાલૂણ/સોડિયમ કલોરાઇડ/રોક સોલ્ટનો જ ઉપયોગ કરવો.
- બહાર મળતા ખાદ્ય પદાર્થો મોટાભાગે હાઈજેનિક હોતા નથી માટે તેનાથી બચવું અને સાત્વિક ખોરાક પસંદ કરવો. સામાન્ય રીતે ખોરાકમાં જથ્થા કરતાં ગુણવત્તાયુકત વસ્તુને પ્રાધાન્ય આપવું. જેથી ઓછા જથ્થામાં વધુ શક્તિ/પોષણ મળે અને પેટ મોટા થતાં અટકે.
- સીઝન અને ઋતુ મુજબ ફળ, શાકભાજી અને અન્ય ખોરાક પસંદ કરવો. જેથી શરીરને અનુકુળ રહે અને બિમારીથી બચી શકાય. જંકફૂડ કે રેડીમેઇડ વસ્તુ ખાવી નહીં.
- દૂધ-ખાંડ વાળી ચા પીવી નહિ.
- તમાકુ, બીડી, ગુટકા, બજર, માવો/ફાકી વગેરે નિકોટીન યુકત કે એસન્સ, કલર વાળી કોઇ વસ્તુની શરીરને ક્યારેય જરૂર નથી, માટે તેનો ઉપયોગ ટાળવો.
- દિવસ દરમ્યાન ખૂબ પાણી પીવું, પીવાનું પાણી શુધ્ધ અને મિનરલયુકત હોવું જોઇએ. આર.ઓ. પ્રોસેસ કરેલું પાણી બને ત્યાં સુધી ટાળવું. ફ્રીઝ કોલ્ડ પાણી/છાશ પીવા નહીં.
- દરરોજ એકથી બે કલાક વાંચન કરવું. વાંચન કરવાથી જીવન વધુ ખીલે છે. સમય ખૂબ કિંમતી અને અમૂલ્ય છે, તેને વેડફવો નહિ. સમય સાથે કદમ મિલાવીને ચાલવાથી જ સફળતા મળે છે. પરિવારને પૂરતો સમય આપો.
- શિક્ષણ જીવનનો પાયો છે માટે હાયર એજ્યુકેશન તરફ લક્ષ્ય રાખવું.
- સારૂં ખાવું, સારૂં બોલવું, સારૂં વિચારવું, અને સારૂં વર્તન કરવું આ જીવન સફળતાનો મંત્ર છે.
- ઇમાનદારી, પ્રમાણિકતા અને વફાદારીભર્યું વર્તન કરવું.

આ બધી વસ્તુનો અમલ ખૂબ આસાન છે. માણસ પ્રયત્ન કરે તો અઘરૂં કાંઇ નથી. માટે મનથી તૈયાર થાય એટલે તન/શરીર સાથ આપે જ. આવતી કાલની સવાર વધુ સોનેરી છે. બસ, આપણો દ્રષ્ટિકોણ સોનેરી હોવો જોઇએ. ચાલો, સૌ સાથે મળી જિંદગીને સોનેરી બનાવીએ.

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri January-2023 | Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## જશ્ને સગાઈ

જામનગરના રહીશ જનાબ અશરફ અબ્દુલ્લા વિજળીવાઢાની નેક દુખ્તર **ઝૈબા** નું સગપણ (મીઠું મોઢું) દુબઈના રહીશ મર્હુમ હાજી મો.ઈકબાલ ધડાના નેક ફરઝંદ **મો.મુબીન** સાથે તા. ૨૪-૧૦-૨૦૨૨ના રોજ જામનગર મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે જનાબ અશરફ અબ્દુલ્લા વિજળીવાઢા તથા નસીમા અશરફ વિજળીવાઢા તરફથી ખાદીમને રૂા. ૫૦૦/-, ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૫૦૦/- અને જામનગર જમાઅતને રૂા. ૫૦૦/- બક્ષિસ મળેલ છે. તેમજ મર્હુમ હાજી મો.ઈકબાલ ધડા તથા હાજીયાણી નફીસા મો.ઈકબાલ ધડા તરફથી ખાદીમને રૂા. ૫૦૦/-, ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૦૦/- તેમજ જામનગર જમાઅતને રૂા. ૫૦૦/- બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## જશ્ને શાદી

જૂનાગઢના રહીશ જનાબ સાજીદ યાહ્યા ગિરાચની નેક દુખ્તર **મિસ્બાબાનુ** ની નિકાહ પોરબંદરના રહીશ હારૂન મોહંમદ ઘુમરાના નેક ફરઝંદ **નઈમ** સાથે તા. ૪-૧૨-૨૦૨૨ના રોજ જૂનાગઢ મુકામે જમાઅત રૂબરૂ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હા-દુલ્હન બન્ને પક્ષો તરફથી જૂનાગઢ જમાઅતને રૂા. ૫૦૦-૫૦૦, અંજુમન-પોરબંદરને રૂા. ૨૫૧-૨૫૧, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ-રાજકોટને રૂા. ૨૫૧-૨૫૧, ફેડરેશનને રૂા. ૨૫૧-૨૫૧, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૧-૨૫૧ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

જેતપુરના રહીશ જનાબ અબ્બાસ હાજી જુમ્મા ગિરાચના નેક ફરઝંદ **મોહમ્મદમોઈન** ની નિકાહ દમણના રહીશ જનાબ આશીફ અ.ગફાર ડોરની નેક દુખ્તર **સુમૈયાબાનુ** સાથે તા. ૧૭-૧૨-૨૦૨૨ના રોજ ધોરાજી મુકામે જમાઅત રૂબરૂ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હાના વાલીદ તરફથી અંજુમન-પોરબંદરને રૂા. ૨૫૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ-રાજકોટને રૂા. ૨૫૦/-, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦/-, ફેડરેશનને રૂા. ૨૫૦/-, ખાદીમ-પોરબંદરને રૂા. ૨૫૦/-, ધોરાજી જમાઅતને રૂા. ૨૫૦/- તેમજ જેતપુર જમાઅતને રૂા. ૨૧૦૦/- બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

દમણના રહીશ જનાબ આશીફ અ.ગફાર ડોરના નેક ફરઝંદ **આમીરરઝા** ની નિકાહ મુંબઈના રહીશ જનાબ અમીન હાજી મો.હુસેન દગિયાની નેક દુખ્તર **ઝૈનબબાનુ** સાથે તા. ૧૮-૧૨-૨૦૨૨ના રોજ જેતપુર મુકામે જમાઅત રૂબરૂ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હા-દુલ્હનના વાલીદ તરફથી અંજુમન-પોરબંદરને રૂા. ૨૦૦/-, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ-રાજકોટને રૂા. ૨૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૦૦/-, ફેડરેશનને રૂા. ૨૦૦/-, ખાદીમ-પોરબંદરને રૂા. ૨૦૦ બક્ષિસ મળેલ છે. જયારે જેતપુર જમાઅતને દુલ્હાના વાલીદ તરફથી રૂા. ૫૦૦/-, દુલ્હનના વાલીદ તરફથી રૂા. ૧૧૦૦/-, દુલ્હનના કાકા ડૉ. વાહીદ દગિયા તરફથી રૂા. ૫૦૦/- તેમજ દુલ્હનના મામા મુસ્તાક હાજી યુસુફ ગિરાચ તરફથી રૂા. ૧૧૦૦/- બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

# ખત્રી બિરાદરોનો જોગ...

કોઈપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઈ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ 'ટાઈમ્સ ઓફ ખત્રી' બખૂબી બજાવી રહ્યું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઈ રહ્યો છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઈને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર આજના મોંઘવારીના સમયમાં ટકી રહે, વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસ કાર્યાલયે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું 'ટાઈમ્સ ઓફ ખત્રી' ટકી રહેશે.

આપ સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આપે આપનું લવાજમ તાત્કાલિક કાર્યાલયે મોકલી આપવું અને સમાજમાં દરેકે દરેક ઘર નિયમિત લવાજમ પહોંચાડે તેવા પ્રયત્નો કરવા. આપની લવાજમની નાની એવી રકમ સમાજ સેવામાં મોટું યોગદાન આપી શકે. ફરી એકવાર વિનંતી કે આપનું બાકી રહેતું લવાજમ તાત્કાલિક મોકલો તથા સમાજના અન્ય સભ્યોના લવાજમ પણ મોકલાવડાવો.

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.